તાલુકા પોલીસ દ્વારા ૫૭ લાખનો દારૂનો જથ્થાનો નાશ કરાયો

ડીસા તાલુકા પોલીસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના બુટલેગરોનાં ત્યાં દરોડા પાડી છેલ્લા ૨ વર્ષનો દારૂનો જથ્થો તાલુકા પોલીસ મથકમાં ભેગો કરાયેલો હતો જેનો આજરોજ ડીસાનાં ખેર પોર્ટ ખાતે પ્રાંત અધિકારી બી.કે.પટેલ, ડી.વાય.એસ.પી., એચ.આર.દેસાઈ નશાબંધી અધિકારી, કે.એન.દેસાઈ તાલુકા પી.આઈ. આર.એમ.ભદોરીયાની હાજરીમાં ૨૫૦૦ પેટી જેની અદાજીત કિંમત ૫૭ લાખ રૂપીયાનો દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ડીસા નગરપાલિકાની ટીમ તેમજ પોલીસ સ્ટાફના માણસો હાજર રહી આ કામગીરી પુર્ણ કરી. (તસવીર કાન્તીલાલ લોધા, ડીસા)

મેડીકલ પ્રવેશ નિયમોનો ભંગ કરનાર કોલેજો સામે કાર્યવાહી

પ્રવેશ સમિતિના કાઉન્સલીંગ બાદ કોલેજો એનઆરઆઈ અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પ્રવેશ હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૫

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામને દોઢ મહિના જેટલો સમય વીતી ચૂક્યો છે ત્યારે હવે આગામી ૨૮ જૂનથી મેડીકલ અને પેરા મેડીકલમાં પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનારી છે. ત્યારે મેડીકલ અને પેરા મેડીકલ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાના નિયમોનું ઉલ્લંઘન કરનાર કોલેજો સામે મેડીકલ એડમિશન કમિટી દ્વારા બેઠક દિઠ રૂપિયા પાંચ લાખનો દંડ કરવાનું નક્કી કર્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરીણામ જાહેર થયે દોઢ મહિના જેટલો સમય પસાર થઈ ચૂક્યો છે ત્યારે મેડીકલ અને પેરા મેડીકલ કોલેજોમાં પ્રવેશ માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે મેડીકલ અને પેરામેડીકલ વિભાગની મેડીકલ, આયુર્વેદ, હોમિયોપેથી, ફિઝિયોથેરાપી, નર્સિંગ, નેપરોથેરાપી સહિતની વિદ્યાશાળાઓમાં ૨૮ જૂનથી ૧૯ જૂલાઈ દરમિયાન બુકલેટ અને પ્રવેશ ફોર્મનું એક્સિસ બેંકની શાળાઓમાં વિતરણ કરવામાં આવનાર છે. ત્યારબાદ ૨૯ જૂનથી ૨૨ જૂલૂઈ દરમિયાન બી.જે. મેડિકલ કોલેજ ખાતે સ્થિત એડમિશન કમિટિમાં પ્રવેશફોર્મ સ્વીકારવામાં આપનાર છે. એટલે કે રાજ્યની મેડીકલ અને પેરામેડીકલની ૮૦૦૦ બેઠક પર આગામી ૨૮ જૂનથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનારી છે. જ્યારે કોલેજોએ એનઆરઆઈ ક્વોટોમાં પ્રવેશ માટે મેરિટ લીસ્ટ ત્રણ વિષયોના આધારે બનાવવાનું રહેશે. એનઆરઆઈ ક્વોટાની મેરીટ યાદી તૈયાર કરીને કોલેજોએ જાહેર કરવાની રહેશે તેમજ પ્રવેશ સમિતિમાં તમામ દસ્તાવેજી પુરાવા સાથે રજુઆત કરવાનું રહેશે. એનઆરઆઈ ક્વોટામાં પ્રવેશનું કાઉન્સેલિંગ પણ પ્રવેશ સમિતિનું પ્રથમ કાઉન્સિલિંગ પૂર્ણ થયા બાદ જ પ્રવેશ સમિતિએ નક્કી કર્યા પ્રમાણે તમામ ફેકલ્ટી મુજબ કોલેજોએ એક જ સ્થળથી કરવાનું રહેશે. એનઆરઆઈ ક્વોટામાં પ્રવેશ મેળવ્યા બાદ કોઈ વિદ્યાર્થી પ્રવેશ સમયમર્યાદા પૂર્ણ થાય તે પહેલાં સ્વેચ્છાએ પ્રવેશ છોડે તેવા વિદ્યાર્થીઓ પાસેની પ્રોસેસ ફી પેટે રૂપિયા એક હજાર વસુલ કરીને બાકીની તમામ ભરેલી ફી વિદ્યાર્થીઓને પરત આપવામાં આવશે. જ્યારે મેનેજમેન્ટ ક્વોટાની પ્રવેશ કાર્યવાહી માટે દરેક ફેકલ્ટી પ્રમાણેની કોલેજોના માન્ય કોન્સ્ટલિયન દ્વારા તેમની સાથે જોડાયેલ તમામ ખાનગી કોલેજોના બાંહેધરી પત્ર સાથે પ્રવેશ સમિતિની પૂર્વ મંજુરી લેવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી પ્રવેશ સમિતિનું પ્રથમ કાઉન્સેલિંગ પૂર્ણ થયા બાદ કરવાનું રહેશે. એટલું જ નહીં એનઆરઆઈ ક્વોટા કે મેનેજમેન્ટ ક્વોટાના પ્રવેશ નિયમોનું ઉલ્લઘંન કરવામાં આવશે તો એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોર્સિસ દ્વારા કલમ ૧૩ અને ૧૪ પ્રમાણે કોલેજો સામે પગલા લેવામાં આવશે તેમજ બેઠક દીઠ રૂપિયા લેવામાં આવશે.

છ કિલો સોનું, નેવું કિલો ચાંદી સાથે બે વ્યક્તિની ધરપકડ કરી

આરોપીઓ પાસેથી કુલ ૨.૬૨ કરોડનો મુદ્દામાલ જપ્ત : ગુજરાત બહાર જથ્થો મોકલવાની આશંકા

અમદાવાદ, તા. ૨૫

શહેરનાં સીટીએમ ચાર રસ્તા પાસેથી ઓઢવ પોલીસે બાતમીના આધારે ૬ કિલો સોનું તેમજ ૯૦ કિલો ચાંદી સાથે બે યુવકોને ઝડપી પાડયા હતા. આરોપીઓ પાસેથી પકડાયેલા સોના-ચાંદીની કિંમત કુલ રૂ. ૬.૨૬ કરોડ જેટલી થાય છે. પોલીસ તપાસમાં આરોપીઓ આ સોનુ અને ચાંદી ગુજરાત રાજ્યની બહાર કોઈને મોકલવાના હતાં. પોલીસે હાલ બંને યુવકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે સેક્ટર-૨ના જેસીપી એસ.જી. ભાટીને બાતમી મળી હતી કે વટવાના બે શખ્સો સોના અને ચાંદીનો જથ્થો લઈ સીટીએમ પાસેથી પસાર થવાના છે જેથી ઓઢવ પી.આઈ. શેખ અને સેકટર-૨ના માણસોએ વોચ ગોઠવી હતી. તે દરમિયાનમાં મોડી રાત્રે બે શખ્સો એક સ્કુટર પર નીકળ્યા હતા ત્યારે બંનેને રોકી તેમની તલાશ લેતા તેમની પાસેથી છ કિલો સોનું અને ૯૦ કિલો ચાંદી કુલ રૂ. ૨ કરોડ ૬૨ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે તેમની પૂછપરછ કરતાં તેમનું નામ પ્રદિપ નારણભાઈ પાટીલ (રહે. વટવા) તેમજ સુનીલ પાંડુરંગ વાણી (રહે. વટવા) હોવાનું જાણવા મળ્યું હતું. બંને આરોપીઓ આ સોનું અને ચાંદી એક ટ્રાવેલ્સ મારફતે ગુજરાત રાજ્યની બહાર મોકલવા માટે જઈ રહ્યા હોવાનું પ્રાથમિક પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું. પોલીસે આરોપીઓ પાસેથી કુલ બે કરોડ બાસઠ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આરોપીઓએ આ સોના-ચાંદીનો જથ્થો માણેકચોકનાં એક વેપારીનો હોવાનું જણાવ્યું હતું. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામથી પકડાયેલી નકલી નોટ પ્રકરણમાં વેસ્ટ બંગાળ કનેક્શન

ગાંધીનગર એસ.ઓ.જી.ને તપાસ સોંપાઈ : એસ.ઓ.જી.ની ટીમ વેસ્ટ બંગાળ જવા રવાના : એક હજારની સાત નોટો પૈકી ચાર નોટની સીરીઝ અલગ હોવાથી નકલી નોટનું મોટુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨૫

બે દિવસ અગાઉ દહેગામના કરીયાણાની દુકાનમાં ખરીદી કરવા એક હજારની નકલી નોટો સાથે આવેલા બંગાળી યુવાનની દહેગામ પોલીસે ધરપકડ કરી લીધી હતી. તેની પાસેથી મળી આવેલી ૭ નકલી નોટ પૈકી ચાર નોટની સીરીઝ અલગ મળતા મોટુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતાને પગલે સમગ્ર તપાસ ગાંધીનગર એસઓજીને સોંપી દેવામાં આવી છે. નકલી નોટ પ્રકરણમાં વેસ્ટ બંગાળ કનેક્શન બહાર આવતા એસઓજી પી.એસ.આઈ. અને ચાર માણસોની ટીમ વેસ્ટ બંગાળ તપાસ માટે જવા રવાના થઈ ગઈ છે. એસઓજી પી.આઈ. બી.એ. ચાવડાના જણાવ્યા મુજબ નકલી નોટનું મોટુ નેટવર્ક બહાર આવે તેવી શક્યતા છે.

દહેગામની કરીયાણાની દુકાનમાં કરીયાણુ લઈને રૂ. ૧ હજારની નોટ દરનાર બંગાળી ૧૯ વર્ષિય યુવાન પર વેપારીને શંકા જતાં નોટ ચેક કરી હતી. નોટ નકલી જણાતા વેપારીએ પોલીસ બોલાવી બંગાળી યુવાનને સોંપી દીધો હતો. પોલીસે પુછપરછ કરતાં પકડાયેલા યુવાન પાસેથી નીકળેલી ૧ હજારની ૭ નોટ વેસ્ટ બંગાળથી લાવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પકડાયેલા યુવાન વેસ્ટ બંગાળનો છે અને ત્યાં તે ગાય-ભેંસ દોહવાનું કામ કરી દૂધ વેચવાનો વ્યવસાય કરે છે. દૂધ પેટે એક વ્યક્તિએ સાત હજાર રૂપિયા આપ્યા હતા તે રૂપિયા લઈને તે દહેગામ આવ્યો હતો. પોલીસને મળેલી ૭ નકલી નોટ પૈકી ૪ નોટની સીરીઝ અલગ જણાતા ઓછામાંઓછા નકલી એક હજારની ચલણી નોટના ચાર બંડલ તો હશે જ...! વેસ્ટ બંગાળ કનેક્શન નીકળતા નકલી નોટનું મોટુ કૌભાંડ બહાર આવે તેવી શક્યતા છે. સમગ્ર તપાસ ગાંધીનગર એસ.ઓ.જી.ને સોંપવામાં આવતા એસઓજી પી.આઈ. બી.એ. ચાવડાની સુચનાથી પી.એસ.આઈ. એ.આર. મોડીયા તેમના સ્ટાફના ચાર માણસોને લઈને વેસ્ટ બંગાળ તપાસ માટે રવાના થઈ ગયો છે અને સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

રિક્ષામાં પેસેન્જરની લૂંટ કરતાં ચાર શખ્સોની ધરપકડ કરી

રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી તેમની નજર ચૂકવીને રોકડ તેમજ દાગીના સેરવી લેતા હતા

અમદાવાદ, તા. ૨૫

શહેરમાં રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડીને પેસેન્જરની નજર ચૂકવી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની લૂંટ ચલાવતી ગેંગના ચાર સભ્યોને શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડયા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બે સોનાના પટાલા તેમજ રોકડ મળી કુલ રૂ. ૫૮૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે હાલ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માતિી એવી છે કે શહેરમાં રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી પેસેન્જરની નજર ચૂકવીને તેમના દાગીના તેમજ રોકડ રકમની લૂંટના બનાવો વધી રહ્યા છે ત્યારે શહેર ક્રાઈમ બ્રાંચના માણસો પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે રિક્ષામાં પેસેન્જરને લૂંટતી ગેંગના માણસો નીકળવાનાં છે. જેના આધારે પોલીસે જમાલપુર ચાર રસ્તા પાસે વોચ ગોઠવી (૧) રફિક કમીયાં લાલમીયાં શેખ (રહે. વટવા) (૨) અનીસઅહેમદ કરીમ એહમદ અસારી (રહે. વટવા કેનાલ પાસે) (૩) ઈરફાન ચાંદમાઈ મન્સુરી (રહે. રામોલ) (૪) આસીફ અહેમદ અંસારી (રહે. વટવા રોડ) ને ઝડપી પાડયા હતા. પોલીસે આરોપીઓની ઝડપી લેતા સોનાના બે પાટલા તેમજ રોકડ મળી કુલ રૂ. ૫૮૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી પૂછપરછ દરમિયાન સુભાષબ્રીજ સર્કલથી વ્યાસવાડી તરફ જતાં બે વ્યક્તિના દાગીના ચોરયા હતાં તેમજ ગિરધરનગર તરફ જવા બેસાડી રોકડ રકમની લૂંટ કરી હોવાનું જણાવ્યું હતું. આરોપી રફિકમીંયા શેખે આ અગાઉ આ પ્રકારના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. પોલીસને શંકા છે કે હજી આ પ્રકારના બીજા ગુનાઓ પણ તેમણે કર્યા છે. પોલીસે આગળની વધુ તપાસ માટે આરોપીઓને રાણી પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

સમસ્ત વણકર સમાજ દ્વારા દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્થે હવન યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા ઉત્તરાખંડમાં આવેલા ભયાનક પૂરમાં દિવંગત થયેલા આત્માઓની શાંતિ અર્થે ગાંધીનગરના શકિતપીઠ ખાતે હવન યોજાયો હતો.

ઉત્તર ભારતમાં ભારે વરસાદને કારણે પર્તવીય રાજયો, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદનાં કારણે ભારે તારાજી થઈ છે અને અનેક યાત્રાળુઓ,સ્થાનિકો દિવંગત બન્યા છે. મોતને ભેટેલા આત્માઓની શાંતિ અર્થે ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા ગાંધીનગર શકિતપીઠ ખાતે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં ગાંધીનગરના ચિમનભાઈ વિઝુંડા, દશરથલાલ પરમાર, કે.બી. મકવાણા, મધુકર પરમાર, જે.ટી. સિંધવ, ગોવિંદભાઈ પરમાર, નરસિંહ પરમાર, મગલાલ પરમાર, નિમેષ વાઘેલા તેમજ વણકર સમાજના જુદા જુદા ગોળ પરગણાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દિવંગતોને શ્રદ્ધાંજલિ આપી હતી એમ સંસ્થાના મંત્રી ડી.એ. પરમારે જણાવ્યું છે.

લગ્ન કરવામાં નિષ્ફળતા મળતા દહેગામના યુવાને ઝેરી દવા ગટગટાવી

હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાય છે

દહેગામ, તા. ૨૫

દહેગામ શહેરમાં ટાઉન પોલીસ ચોકીના પાછળના ભાગે એક યુવાને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. એસ.ટી. ડેપોમાં બેઠેલ યુવાનના મોં માંથી અચાનક ફીણ નીકળતા લોકો એકત્ર થઈ ગયા હતા. ૧૦૮ દ્વારા યુવાનને દહેગામ આરોગ્ય કેન્દ્ર અને ત્યાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામ એસ.ટી. ડેપોની સામેની બાજુએ આવેલ પોલીસ ચોકીના પાછળના ભાગે ટ્રકચાલક યુવાન પ્રવિણસિંહ પ્રતાપજી ઝાલા (ઉં.વ.૨૧, મૂળ ગામ સાઠંબા હાલ રહે. થડાકુવા, દહેગામ)એ ફોરેટ નામની ઝેરી દવા ગટગટાવી હતી, અને ડેપોની અંદર પેસેન્જર બેઠક પર સભાન અવસ્થામાં પડી રહેલ હતો. તેના મોંઢામાંથી અચાનક ફીણ નિકળતા લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. ૧૦૮ને જાણ કરતા તાત્કાલિક આવી પહોંચી હતી અને યુવાનને દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં દવા પીવાનું કારણ પ્રેમ પ્રકરણ અને લગ્ન કરવામાં નિષ્ફળતા મળી હોવાનું જાણવા મળ્યુ છે. દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

શબ્દાવલી - ૫૧૦૦



આડી ચાવી

૧. ... કરવા, શોધખોળ કરવી (૪)
૩. ઉપાધિ, પીડા (૩)
૫. ... વાટવો, મમરો મુકવો (૩)
૬. ટેવ, આદત (૨)
૮. ખાંડી ભરીને, વધારે (૨)
૯. રસ્તો, વાટ (૨)
૧૧. બગાઈ (૪)
૧૩. સ્હેજ, જરાક (૩)
૧૪. ભય, બીક (૨)
૧૭. જગજાહેર, છુપું નહિ તેવું (૪)
૨૦. પ્રપંચ, પાપ (૩)
૨૨. વ્હાલુ ના હોય તેવું (૩)
૨૩. અવાજ (૨)
૨૪. પોકારવું, ... કરવો (૩)

ઊભી ચાવી

૧. સંગીતનો ઉસ્તાદ (૪)
૨. ગુસ્સો (૨)
૩. અગ્નિ (૨)
૪. બીજાના ઉપકારથી જીવતી વનસ્પતિ (૫)
૫. ભાઈ..., ભાંડરડા (૨)
૭. ... ની સાસુ જબરી હોય (લોકગીત) (૩)
૮. ... થવું, દાટ વાળવો, બારે મેઘ ખાંગા થયા છે. (૨)
૧૦. કામ થઈ જવું, કામ... (૨)
૧૨. ખરબચડું (૪)
૧૫. ખૂણો (૨)
૧૬. મેપ, દુનિયાની ભૂગોળ (૩)
૧૮. ... કરવી, કિંમત આંકવી (૩)
૧૯. ખંજવાળ, ખજાનો (૩)
૨૧. ઉપર (૨)

શબ્દાવલી ૫૦૯૮ના જવાબ

આડી ચાવી :- (૧) ગમગીન (૪) ફાફા (૬) ફરી (૭) ચરસ (૮) વશીકરણ (૧૦) તપ (૧૨) કાલા (૧૪) મકાઈ (૧૬) પ્રચુર (૧૮) રજા (૧૯) ચારસો (૨૦) ગ્રહણ (૨૧) રણ (૨૨) પરાસ્ત

ઊભી ચાવી :- (૧) ગફલત (૨) મરી (૩) નકશીકામ (૪) ફાચર (૫) કારણ (૯) કલાકાર (૧૧) પરચુરણ (૧૩) પરીયાણ (૧૫) ઈજાગ્રસ્ત (૧૬) પ્રચાર (૧૭) રસો

કચેરીઓ શરૂ કરશે... ● છેલ્લા પાનાનું ચાલુ

ધ્યાને રાખી કરવામાં આવી હતી. હવે સરકાર દ્વારા અન્ય સેવાઓ સોંપવામાં આવે તે દિશામાં ચાલી રહેલી ગતિવિધિઓને ધ્યાને રાખી મનપાએ સ્ટાફ પેટર્નની પૂરક દરખાસ્ત પણ મોકલી આપી છે. આ ઉપરાંત ૪ નવી વોર્ડ કચેરીઓને માટે જરૂરી જગ્યા ફાળવવા પણ દરખાસ્ત કરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી હકીકતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં વિકાસની પ્રક્રિયા ઝડપી બની છે તેમજ શહેરનો ભૌગોલિક વિસ્તાર પણ મોટો છે. નવા સેક્ટરોમાં ખાસ કરીને આ વોર્ડ કચેરીઓની સાથે સાથે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ એક વોર્ડ કચેરી શરૂ કરવાનું આયોજન હાલના તબક્કે વિચારવામાં આવ્યું છે. કોર્પોરેશન પાસે જમીન ન હોવાથી આ વોર્ડ કચેરી માટે ૨૫૦૦ ચો.મી. જેટલી જગ્યા એક વોર્ડ કચેરી માટે ફાળવવા પણ દરખાસ્તમાં સૂચવવામાં આવ્યું હોવાનું કહેવાય છે.

વોર્ડ કચેરી તેમજ નવી સ્ટાફ પેટર્નને લઈ આગામી માસના આરંભે સરકાર સાથે બેઠક મનપાના સત્તાવાળાઓની યોજાય તેવી શક્યતાઓના નિર્દેશો રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે. આ બેઠકમાં કોર્પોરેશનની વર્તમાન ખાલી જગ્યાઓ ભરવા સહિતની બાબતો પર વિચારણા થશે તેવા નિર્દેશો પણ મળી રહ્યા છે.

સરકારની કામગીરી... ● છેલ્લા પાનાનું ચાલુ

દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમોમાં પણ સહભાગી બની અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની કામગીરી હાથ ધરવા માટે આજની બેઠકમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ધારાસભ્યો દ્વારા સહભાગી બનીને તેને સફળ બનાવવામાં આવ્યો તે બદલ આભાર વ્યક્ત કરીને આગામી દિવસોમાં યોજવામાં આવનારા ગરીબ કલ્યાણ મેળાઓ અને યુવા રોજગાર મેળાઓને પણ સફળ બનાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

રખડતા ઢોરોનો ત્રાસ... ● છેલ્લા પાનાનું ચાલુ

રહ્યા છે. માલધારીઓના ગાય કે ઢોર રાખવા સામે લોકોનો વિરોધ નથી પરંતુ ઢોરોને છુટા મુકી દેવાતાં વિરોધ વંટોળ ઉભો થયો છે.

એકબાજુ સરેરાશ રોજ એક વ્યક્તિને રખડતી ગાય કે ઢોર ઠેબે ચડાવે છે, તેવા સમયે માત્ર અને માત્ર મહાનગરપાલિકા એકલા હાથે આ કામ કરી ન શકે તે સ્વાભાવીક છે. ભટકતા ઢોરના આતંકને ડામવા માટે કોર્પોરેશન, કલેક્ટર તથા પાટનગર યોજના વિભાગનું સંકલન કરીને આ કામ થાય તેમ જાગૃત નાગરીકો ઈચ્છી રહ્યાં છે. જાગૃત નાગરીકોના મતે આ મુદ્દે રાજકીય ઈશ્યુ બનાવ્યા વગર ફક્ત મહાનગરપાલિકા ઉપર જવાબદારી ઢોળવાને બદલે ખુદ સરકારે એટલે કે પાટનગર યોજના વિભાગે જ આ જવાબદારી લેવાની જરૂર છે.

પા.યો. વિભાગ દ્વારા સીટી બ્યુટીફીકેશનના રૂપાળા નામ હેઠળ શહેરને કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી છે. આ રકમનો કેટલોક ભાગ રખડતા ભટકતાં ઢોરોની સમસ્યાના નિવારણ માટે વાપરવામાં આવે તે ઈચ્છનીય અને જરૂરી છે.